ઝઘડિયાની કંપનીમાં બ્લાસ્ટ સાથે આગ, 15થી વધુ દાઝયા

ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચથી ફાયર ટેન્ડરોનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો

ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સુરત અને વડોદરામાં રિફર કરાયા

ભરૂચઃ ઝઘડિયા GIDCમાં ગુરુવારે એક ભીષણ ઔદ્યોગિક દુર્ઘટના સર્જાઈ હતી. મેટ્રોપોલિટન એક્ઝીચેમ કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ સાથે ભયંકર આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી ગઈ છે. પ્રાથમિક અહેવાલો અનુસાર આ બનાવમાં 15થી વધુ શ્રમિકો ગંભીર રીતે દાઝયા છે.

દાઝી ગયેલા કામદારોની યાદી

સાગર પટેલ, અરુણ તિવારી, કલ્પેશ વસાવા, શકીલ આફટાર, હાર્દિક પરમાર, બુધન કુમાર, અમન કુમાર, હરિ પ્રકાશ, રોનક પટેલ, પ્રવીણસિંહ, રમેશ વસાવા

બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો. જોતજોતામાં આગે આખી કંપનીને લપેટમાં લઈ લીધી. આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતા હતા. ઘટનાની જાણ થતાં જ ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચથી ફાયર ટેન્ડરોનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો છે. આગ પર કાબૂ મેળવવા માટે વોટર કેનનનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. આગની લપેટમાં આવી જવાથી 15થી વધુ શ્રમિકો દાઝી ગયા છે, જેમાં ગંભીર રીતે દાઝેલા સુરત અને વડોદરામાં રિફર કરાયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કેટલાક ઘાયલોની હાલત નાજૂક હોવાનું જાણવા મળ્યું છે. કંપનીમાં અન્ય કોઈ શ્રમિકો ફસાયેલા છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઘટનાનાં કારણો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પડ્યું નથી.

SMCમાં નોકરી અને આવાસના બહાને ૨.૪૪ કરોડની ઠગાઈ

ખટોદરા અને ડિંડોલી વિસ્તારના ૧૬થી વધુ બેરોજગારો ભોગ બન્યા

ખોટા EC કોડ આપી વિશ્વાસ કેળવનાર 'જનાદેશ' પ્રેસના સંચાલક વિરુદ્ધ ફરિયાદ

સુરત : સુરત મહાનગરપાલિકા (SMC)માં ક્લાસ-૨ અને ક્લાસ-૩ની નોકરી અપાવવા તેમજ અડાજણ વિસ્તારમાં આવાસના મકાનો અપાવવાના બહાને શહેરના ૧૭ વ્યક્તિઓ સાથે રૂપિયા ૨,૪૪,૧૭,૨૦૦ની માતબર રકમની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ ખટોદરા પોલીસ મથકે નોંધાઈ છે. જનાદેશ પ્રેસ નામે ઓફિસ ધરાવતા શખ્સે સુરત મહાનગરપાલિકાના નામે બોગસ 'EC કોડ' આપીને આ મોટુ કૌભાંડ આચર્યું છે.

ફરિયાદની વિગત મુજબ, મૂળ મહારાષ્ટ્રના અને ડિંડોલી પ્રિયંકા ન્યુ સીટી -1માં રહેતા અને પેપર ડિશનો વ્યવસાય કરતા પ્રહલાદભાઈ સુખદેવ પાટીલની ઓળખાણ તેમના કુટુંબી ભાઈ મારફતે ખટોદરા મહાત્માવાડી ખાતે 'જનાદેશ પ્રેસ' ચલાવતા રાજેન્દ્ર દિનકર ચૌધરી સાથે થઈ હતી. રાજેન્દ્રએ પોતે મનપામાં ઉચ્ચ સંપર્કો ધરાવતો હોવાનું જણાવી પ્રહલાદભાઈને અડાજણમાં SMC આવાસનું મકાન અપાવવાની લાલચ આપી દોઢ લાખ રૂપિયા પડાવ્યા હતા.

ત્યારબાદ આરોપીએ પ્રહલાદભાઈના સંબંધીઓને મનપામાં ક્લાર્ક કે ક્લાસ-૨, ૩ માં નોકરી અપાવવાની ખાતરી આપી હતી. આરોપીએ વિશ્વાસ જીતવા માટે ઉમેદવારોના અસલ દસ્તાવેજો લીધા હતા અને વોટ્સએપ પર ખોટા 'EC કોડ' (EC CODE NO. 299695/975/5995/C/9659/2) મોકલીને જણાવ્યું હતું કે આ તમારી નોકરીનો કન્ફર્મ કોડ છે. આ રીતે વિજય પાટીલ, નિલેશ પાટીલ સહિત કુલ ૧૬ જેટલા વ્યક્તિઓ પાસેથી ટુકડે-ટુકડે ચેક અને રોકડ સ્વરૂપે લાખો રૂપિયા પડાવ્યા હતા.

લાંબો સમય વીતવા છતાં નોકરી ન મળતા ભોગ બનનારાઓએ ઉઘરાણી શરૂ કરી હતી. તપાસ દરમિયાન સુરત મહાનગરપાલિકા દ્વારા લેખિતમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આરોપીએ આપેલા 'EC કોડ' તદ્દન બોગસ છે અને મનપા દ્વારા આવી કોઈ ભરતી કે જાહેરાત આપવામાં આવી નથી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા પ્રહલાદભાઈ પાટીલે રાજેન્દ્ર દિનકર ચૌધરી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નોકરી અને આવાસમાં મકાન બહાને આ લોકોએ પૈસા ગુમાવ્યા

(1) નિલેશભાઈ સુરેશભાઈ પાટીલ રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(2) વીજયભાઈ તારાચંદ પાટીલ રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(3) કીની સતીચ ગૌહર રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(4) સાગર દેવેસીંગ રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(5) નરેન્દ્ર દેવેસીંગ રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(6) કલ્પેશ સુનીલ કદમ રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(7) ગોપાલ નામદેવ પાટીલ રૂપિયા ૫૫,૧૬,૭૦૦
(8) દીપાલી નીલેશ પાટીલ રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(9) આનંદ શૈલેન્દ્ર પાટીલ રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(10) વૈભવ અનીલ પાટીલ રૂપિયા ૩,૧૫,૧૬,૭૦૦
(11) આદીત્ય પંડીત ભદાણે રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(12) ક્રિષ્ણા પવનકુમાર શર્મા રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(13) સાગર ભાનુદાસ સોનાર રૂપિયા ૩,૧૫,૧૬,૩૦૦
(14) અર્ચના સાગર સોનાર રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(15) શૈશવ દીપક પાટીલ રૂપિયા ૧૫,૧૬,૭૦૦
(16) ભાવેશ હીતેશ ગાયકવાડ રૂપિયા ૧૫,૧૬,૭૦૦

કતારગામમાં મહિલા વકીલ પર તેમની જ ઓફિસમાં હુમલો

મહિલા વકીલની ઓફિસમાં જ પિતા-પુત્રનો આતંક

વકીલને મારી નાંખવાની ધમકી આપતા એટ્રોસિટીનો ગુનો નોંધાયો

સુરતઃ કતારગામ વિસ્તારમાં કાયદાના રક્ષક ગણાતા વકીલની ઓફિસમાં જ કાયદાના લીરેલીરા ઉડ્યા હોવાની સનસનીખેજ ઘટના સામે આવી છે. સોસાયટીમાં બેનર લગાવવા જેવી સામાન્ય બાબતના ઝઘડામાં સમાધાન કરવા માટે એકત્ર થયેલા બે પક્ષો વચ્ચે મામલો એટલો બિચક્યો હતો કે, પિતા, પુત્ર અને ભાઈએ મળીને મહિલા વકીલ અને તેમના મિત્ર પર હુમલો કરી દીધો હતો. મહિલા વકીલને જાતિ વિષયક અપમાનજનક શબ્દો કહી માર મારવામાં આવતા કતારગામ પોલીસે પિતા-પુત્ર સહિત ત્રણેય શખ્સો સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે.

કતારગામની એક સોસાયટીમાં બેનર લગાવવા મુદ્દે બે પક્ષો વચ્ચે વિવાદ ચાલતો હતો. આ વિવાદનો સુખદ અંત લાવવા માટે એક યુવકે મહિલા વકીલની મદદ માંગી હતી. મહિલા વકીલે મધ્યસ્થી બની કતારગામ બાળ આશ્રમ પાસે રહેતા રાજેશભાઈ રામજીભાઈ પાંડવને ઓળખતા હોવાથી સમાધાન માટે પોતાની ઓફિસમાં મીટિંગ બોલાવી હતી. આ બેઠકમાં રાજેશભાઈ પાંડવ, તેમનો પુત્ર ઋષભ અને ભાઈ શૈલેષભાઈ પાંડવ હાજર રહ્યા હતા.મીટિંગ દરમિયાન બંને પક્ષો વચ્ચે દલીલો શરૂ થઈ હતી, જે જોતજોતામાં ઉગ્ર બોલાચાલીમાં ફેરવાઈ ગઈ હતી. રાજેશ પાંડવ અને તેના પુત્ર-ભાઈએ પિત્તો ગુમાવ્યો હતો અને મહિલા વકીલની ઓફિસમાં જ ધમાલ મચાવી હતી. તેઓએ મહિલા વકીલના મિત્રને બેફામ ગાળો આપી મારવાનું શરૂ કર્યું હતું. જ્યારે મહિલા વકીલે વચ્ચે પડી મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે આ શખ્સોએ વકીલની મર્યાદા પણ જાળવી નહોતી.આરોપીઓએ મહિલા વકીલને પકડીને માર માર્યો હતો અને તેમના પ્રત્યે જાતિ વિષયક અત્યંત અપમાનજનક શબ્દો ઉચ્ચારી જાહેરમાં માનહાનિ કરી હતી. એટલું જ નહીં, 'આજે તો બચી ગયા છો, પણ ફરી મળ્યા તો મારી નાખીશું' તેવી ધમકી આપી ઓફિસમાં આતંક મચાવ્યો હતો. મહિલા વકીલની ફરિયાદના આધારે પોલીસે ફરિયાદના આધારે રાજેશ રામજી પાંડવ, ઋષભ રાજેશ પાંડવ અને શૈલેષ રામજી પાંડવ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ તેમજ મારામારી અને ધમકીની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

ઉછીનાં નાણાં પરત માંગતા ચપ્પુથી હુમોલ

સુરત : શહેરમાં ગુનાખોરીનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે, ત્યારે વધુ એક લોહીલુહાણ ઘટનામાં ભાઠેના વિસ્તારના સોફા ફર્નિચરના વેપારી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

ભાઠેનાના પંચશીલ નગરમાં રહેતા ફર્નિચરના વેપારી શહેઝાદ મોહંમદ કાશીમ સિદ્દીકીએ પરિચિત તબરેજ શકિલ અંસારીને હાથ ઉછીના નાણાં આપ્યા હતા. જે પરત માંગતા ઉશ્કેરાયેલા તબરેજે પોતાની પાસે રહેલા તીક્ષ્ણ ચપ્પુ વડે શહેઝાદ પર તૂટી પડ્યો હતો અને તેના બંને હાથ તથા બંને પગના જુદા-જુદા ભાગે ચપ્પુના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં શહેઝાદને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. આ મામલે ભોગ બનનારે તબરેજ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં મારા-મારીની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. ખાસ કરીને નાણાંકીય લેવડ-દેવડ કારણભૂત છે.

માથાભારે બ્રિજેશ ઉર્ફે છંગાની જામીનઅરજી નામંજૂર

સુરતઃ માથાભારે બ્રિજેશ ઉર્ફે છંગા રાજપાલસિંહ રાજપૂતની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી બ્રિજેશની પાંડેસરા પોલીસે બીએનએ કલમ 109(1), 115(2), 296(b), 351(2), 3(5) અને GP Act કલમ 135 હેઠળ ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપીએ જામીન પર છૂટવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ સુરેશ પાટીલે જામીન અરજીનો વિરોધ કરી દલીલ કરી હતી કે આરોપી પર ગંભીર આરોપ છે. ચાકુથી હુમલો કરી ઈજા પહોંચાડવાનો ગુનો છે. જામીન પર છોડવામાં આવે તો સાક્ષીઓને ધમકી આપવાની શક્યતા હોવાથી જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી. અત્રે નોંધનીય છે કે આરોપી વિરુદ્ધ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નવ ગુના નોંધાયેલા છે.

કોર્ટમાં પાસપોર્ટ જમા હોવા છતાં દંપતીનો વિદેશ પ્રવાસ

કરોડોની છેતરપિંડીના આરોપી પાંભર દંપતીની ધરપકડ

સુરત : રાજકોટની શિવ આરાધના સોસાયટીમાં રહેતા વકીલ અશોકકુમાર હરીભાઈ કોયાણીએ ડિંડોલી પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, રાજકોટમાં ધનંજય ફાયનાન્સ નામની પેઢી ચલાવતા ઘનશ્યામ પાંભર અને અન્યો સામે અંદાજે [illegible]6.28 કરોડની છેતરપિંડીનો ગુનો રાજકોટ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલો છે. આ કેસમાં પાંભર દંપતીએ ગુજરાત હાઈકોર્ટમાંથી શરતી આગોતરા જામીન મેળવ્યા હતા. હાઈકોર્ટની શરત મુજબ, તેઓએ પોતાના પાસપોર્ટ ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવાના હતા અને કોર્ટની પરવાનગી વગર ભારત છોડવાની મનાઈ હતી. શરત મુજબ તેઓએ જૂના પાસપોર્ટ (નં. U8904600 અને U8904602) કોર્ટમાં જમા પણ કરાવી દીધા હતા. વકીલ અશોકકુમારે જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા અને અન્ય સ્ત્રોતો દ્વારા જાણવા મળ્યું હતું કે આ દંપતી વિદેશ પ્રવાસ કરી રહ્યું છે. તપાસ કરતા માલુમ પડ્યું કે આરોપીઓએ સુરતના ડિંડોલી પોલીસ સ્ટેશનમાં પાસપોર્ટ ખોવાઈ ગયાની ખોટી અરજી કરી દાખલો મેળવ્યો હતો. આ ખોટા દાખલાના આધારે સુરત રીજીયોનલ પાસપોર્ટ ઓફિસમાંથી નવા પાસપોર્ટ (નં. C1065080 અને C1061793) કઢાવી લીધા હતા. અને નવા પાસપોર્ટના આધારે વર્ષ 2024 થી 2026 દરમિયાન તેઓએ અનેક વિદેશ પ્રવાસો ખેડ્યા હતા. ફરિયાદીએ RTI હેઠળ માહિતી માંગતા રાજકોટ તાલુકા પોલીસના તપાસ અહેવાલમાં પણ આ બાબતની પુષ્ટિ થઈ છે. આરોપીઓએ રાજ્યસેવકને ખોટી માહિતી આપી, બનાવટી દસ્તાવેજોને સાચા તરીકે રજૂ કરી આંતરરાષ્ટ્રીય કક્ષાનો ગુનો આચર્યો હોવાનું જણાય છે. હાલ આ મામલે રાજકોટ અને સુરત પોલીસ સ્તરે વધુ તપાસની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ મામલે વકીલની ફરિયાદ આધારે મોટા વરાછાના રિવરવ્યું હાઈટસમાં રહેતા પાંભર દંપતિ વિરુદ્ધ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં દંપતિને પકડી પાડ્યા છે. આ ઘટનાએ કાયદાકીય આલમમાં ભારે ચર્ચા જગાવી છે કે કોર્ટના કબજામાં પાસપોર્ટ હોવા છતાં પોલીસની આંખમાં ધૂળ નાખીને આરોપીઓ વિદેશ કેવી રીતે જઈ શક્યા?

ચેક રિટર્નના 4 કેસમાં સગરામપુરાના આરોપીને સજા

સુરતઃ રૂ. 10 લાખની પરત ચુકવણી પેટે આપેલ ચેક રીટર્ન થતાં ચાર કેસમાં આરોપીને સજા થઈ હતી. સલાબતપુરાનાં ફરીયાદી દિવ્યેશ જશવંતલાલ ભગવતીવાલા તથા આરતી દિવ્યેશ ભગવતીવાલાએ આરોપી કેયુર હર્ષદભાઈ ગિલીટવાલા (દેસાઈ શેરી, સગરામપુરા)ને રૂા. 10 લાખ હાથ ઉછીના આપ્યાં હતાં. જે અંગે ચેકો આપ્યા હતા. આ ચેકો રિટર્ન થતાં ફરીયાદી દિવ્યેશ તથા આરતીએ વકીલ મારફતે ચાર અલગ અલગ ફરિયાદ કોર્ટમાં કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી બાદ કોર્ટે આરોપી કેયુર ગિલીટવાલાને તમામ કેસમાં તકસીરવાર ઠરાવી એક-એક વર્ષની સજા તથા ફરીયાદીને વળતર પેટે ચેકોની રકમ વ્યાજ સાથેની ગણતરી કરી કુલ રૂા. 14,86,200 ચુકવી આપવાનો હુકમ કર્યો હતો. આરોપી કોર્ટમાં હાજર ન હોય આરોપી વિરુદ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું.

ડ્રગ્સ માફિયાનો આતંક, ગીરવે મકાન ખાલી કરાવવા દંપતીને હત્યાની ધમકી

લાલગેટ વિસ્તારની ઘટના, જેલમાંથી છૂટીને આવેલા શખ્સે પરિણીતાને બીભત્સ મેસેજ કર્યા

આખી રાત ગાળાગાળી કરી પરિણીતા અને તેના પતિને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી

સુરતઃ શહેરના લાલગેટ વિસ્તારમાં જાણે કાયદો અને વ્યવસ્થાનો ફિયાસ્કો થયો હોય તેમ ડ્રગ્સના કેસમાં જેલની હવા ખાઈને આવેલા એક માથાભારે શખ્સે આતંક મચાવ્યો છે. ની ધરપકડનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

લાલગેટ વિસ્તારમાં રહેતા અબ્દુલ કાદર ડોબીવાળાને અગાઉ નાણાંની જરૂરિયાત ઊભી થતાં તેમણે એક પરિવાર પાસેથી રૂ.૭,૦૦,૦૦૦ ઉછીના લીધા હતા. આ રકમના બદલામાં કાયદેસરનો કરાર કરી અબ્દુલ કાદરે પોતાનું મકાન આ પરિવારને રહેવા માટે આપ્યું હતું. શરત મુજબ જ્યાં સુધી સાત લાખ રૂપિયા પરત ન મળે ત્યાં સુધી આ પરિવાર તે મકાનમાં વસવાટ કરવાનો હતો. છેલ્લા લાંબા સમયથી ભોગ બનનાર દંપતી આ મકાનમાં શાંતિથી રહેતું હતું.

દરમિયાન અબ્દુલ કાદરનો પુત્ર ઉસ્માન ગની ઉર્ફે સલમાન, જે અગાઉ ડ્રગ્સના ગંભીર ગુનામાં પકડાયો હતો, તે જેલમાંથી જામીન પર મુક્ત થઈને આવ્યો હતો. જેલમાંથી બહાર આવતાની સાથે જ સલમાને પોતાની અસલિયત બતાવવાનું શરૂ કર્યું હતું. તેણે મકાનમાં રહેતી પરિણીતા પર મકાન ખાલી કરવા માટે દબાણ લાવવાનું શરૂ કર્યું. જ્યારે પરિણીતાએ પિતાને આપેલા સાત લાખ રૂપિયા પરત માંગ્યા, ત્યારે સલમાને એકપણ રૂપિયો આપવાનો ઈનકાર કરી દઈ દાદાગીરી શરૂ કરી હતી. આરોપી સલમાનની હિંમત એટલી વધી ગઈ હતી કે તેણે પરિણીતાના મોબાઈલ પર ગંદી ગાળો લખેલા મેસેજ અને બીભત્સ ઓડિયો રેકોર્ડિંગ્સ મોકલવાનું શરૂ કર્યું હતું.

હદ તો ત્યારે થઈ જ્યારે ગત તા.૨૯ માર્ચના રોજ મધ્ય રાત્રિએ ૧ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી સલમાને દંપતીના ઘરની બહાર ઊભા રહીને ભારે ધમાલ મચાવી હતી. આખી રાત ગાળાગાળી કરી તેણે પરિણીતા અને તેના પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. માથાભારે સલમાનના ત્રાસથી કંટાળી અને પોતાની સુરક્ષાને જોખમમાં જોતાં અંતે પરિણીતાએ હિંમત દાખવી લાલગેટ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ઉસ્માન ગની ઉર્ફે સલમાન વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

ત્રણ વર્ષની બાળકીને રતલામ પાસેથી છોડાવાઈ

જો કે અપહરણકારોને પોલીસ પકડી નહીં શકી

રતલામ ઊતરી અપહરણકાર બાળકી સાથે એક રિક્ષામાં બેસી ત્યાંથી પાંચ કિલોમીટર દૂર ગયો હોવાનું શોધી કઢાયું

સુરતઃ બે દિવસ પૂર્વે કાપોદ્રા પોલીસ મથકની હદમાં નાના વરાછા ઓવર બ્રિજની બાજુમાં ફૂટપાથ પર માતાની સાથે ઊંઘી રહેલી ત્રણ વર્ષની બાળકીનું સોમવારે રાત્રે અપહરણ થયું હોવાની ફરિયાદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ કાપોદ્રા પોલીસ ઉપરાંત ક્રાઈમ બ્રાંચની ટીમ પણ તપાસમાં સામેલ થઈ હતી. સીસીટીવી ફુટેજ તપાસતાં આ બાળકીને લઈ અપહરણકાર સુરતથી રતલામ તરફ જતી ટ્રેનમાં બેસતો હોવાનું ફલિત થયું હતું. એ સાથે જ ક્રાઈમ બ્રાંચની ટીમે તમામ રેલવે સ્ટેશન પર તપાસ કરી તો ખ્યાલ આવ્યો કે રતલામ ઊતરી અપહરણકાર બાળકી સાથે એક રિક્ષામાં બેસી ત્યાંથી પાંચ કિલોમીટર દૂર સુધી જાય છે. જ્યાંથી અન્ય વાહન મારફતે રતલામથી 50 કિલો મીટર દૂર બાજના ગામે પહોંચ્યો હતો.

પોલીસને આ જાણકારી મળી ત્યારે વહેલી સવારે સાડા પાંચનો સમય હતો. તે વખતે સીસીટીવી ચેક કરવાનો સમય ન હતો. જેથી સ્થાનિક લોકોને સીસીટીવી ફૂટેજ બતાવી માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં એક વ્યક્તિએ કહ્યું કે આ ગામમાં રહેતી એક મહિલાને ત્યાં બાળકી લઈને એક વ્યક્તિ આવ્યો છે. જેથી એ મહિલાને પોલીસે શોધી કાઢી હતી. બાળકી તેના કબજામાં જ હતી. જેનો હેમખેમ છૂટકારો કરાવવામાં પોલીસને સફળતા સાંપડી હતી. જો કે, અપહરણકર્તા પોલીસને હાથે લાગ્યો નહીં હોવાથી અપહરણના કારણની ખબર પડી નથી.

સંક્ષિપ્ત સમાચાર

સ્વચ્છ એવમ્ હરિત વિદ્યાલય રેટિંગમાં જી.ડી. ગોએન્કા સ્કૂલને 4 સ્ટાર રેટિંગ

સુરતઃ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સ્વચ્છ એવમ હરિત વિદ્યાલય રેટિંગ (2025-26) હેઠળ જીડી ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલને રાષ્ટ્રીય સ્તરે 4-સ્ટાર રેટિંગ આપવામાં આવ્યું છે. આ સિદ્ધિ NEP 2020 ના વિઝન સાથે સુસંગત, સ્વચ્છતા, પાણી સંરક્ષણ અને પર્યાવરણીય ટકાઉપણાના ઉચ્ચ ધોરણો જાળવવા પ્રત્યેની અમારી મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ સ્કૂલના હાઉસકીપિંગ અને ગાર્ડનિંગ ટીમના સમર્પિત પ્રયાસો, હાઉસકીપિંગ અને ગાર્ડન ઇન્ચાર્જ સંજય પ્રજાપતિના સક્ષમ નેતૃત્વ હેઠળ કામ કરીને સ્ટાફ અને વિદ્યાર્થીઓના સતત સમર્થનથી શક્ય બન્યું છે.

વિવેકાનંદ સ્કૂલના સ્કાઉટ ગાઇડના 23 વિદ્યાર્થીને રાજ્ય પુરસ્કાર સર્ટિ. અને બેજ અપાયાં

સુરતઃ વિવેકાનંદ ઇંગ્લિશ સ્કૂલના સ્કાઉટ-ગાઇડના 23 વિદ્યાર્થીઓને રાજ્ય પુરસ્કાર સર્ટિફિકેટ અને બેજ એનાયત કરાયા હતા. વર્ષ 2017થી ગાઇડ કેપ્ટન મનીષા મહેતાના માર્ગદર્શન હેઠળ ચાલતી સ્કાઉટ-ગાઇડ પ્રવૃત્તિમાં આ વર્ષે એક વધુ સિદ્ધી હાંસલ થઈ છે. વર્ષ 2025-26માં સ્કાઉટ, ગાઇડ, રોવર, રેન્જર મળી કુલ 23 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાં બાળકોએ ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ગવર્નર એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. અત્રે નોંધનીય છે કે વિવેકાનંદ સ્કૂલમાં સ્કાઉટ પ્રેક્ટિકલની સાથે શાળાનું માર્ચિંગ બેન્ડ પણ રાષ્ટ્રીય કક્ષાનું વિજેતા છે. સિદ્ધી બદલ ગાઇડ કેપ્ટન મનીષા મહેતા તેમજ સ્કાઉટ ગાઇડ વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલ મૃત્યુંજય પત્રી અને ટ્રસ્ટી આનંદભાઈ જિંજાલા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

AURO યુનિ.માં સમન્વય 2026: એજ્યુકેશન લીડર્સ' મીટ યોજાઈ

સુરતઃ AURO યુનિવર્સિટીએ તેના કેમ્પસ ખાતે "સમન્વય 2026: એજયુકેશન લીડર્સ' મીટ" સફળતાપૂર્વક આયોજિત કરી હતી. જેનો મુખ્ય વિષય "વિકસિત ભારત 2047 માટે કૌશલ્ય આધારિત શિક્ષણનું મહત્વ" હતો. આ મીટમાં પ્રોવોસ્ટ પ્રોફેસર પરિમલ એચ. વ્યાસે અધ્યક્ષીય ભાષણ આપ્યું અને શિક્ષણમાં પરિવર્તન અને સહયોગની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. AURO યુનિવર્સિટીના સ્થાપક પ્રમુખ હસમુખ પી. રામાએ સંસ્થાની દૃષ્ટિ અને મૂલ્યો રજૂ કર્યા હતા. અમદાવાદની ધ સ્કિલ યુનિ.ના ડીજી અને મીટના મુખ્ય અતિથિ પ્રોફેસર ડો. એસ. પી. સિંહેપોતાના મુખ્ય પ્રવચનમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો હતો. મીટ દરમિયાન કરિયર ડેવલપમેન્ટ સેન્ટર, ઇનોવેશન અને ઇન્ક્યુબેશન સેન્ટર, એલ્યુમ્નાઈ એસોસિએશન અને કાઉન્સેલિંગ સેન્ટર દ્વારા પ્રેઝન્ટેશન્સ કરાયું હતું. જેમાં AURO યુનિવર્સિટીના હોલિસ્ટિક શિક્ષણ મોડલને રજૂ કરવામાં આવ્યું હતું. પેનલ ચર્ચા કરાઈ હતી અને કાર્યક્રમના અંતે "શ્રેષ્ઠ સમ્માન સમારોહ 2026"ની જાહેરાત કરવામાં આવી હતી.

યોગી ચોકની હરેકૃષ્ણ વિદ્યાલયમાં જેઈઈ-મેઈનમાં 3ના 99થી વધુ પીઆર

સુરત- પુણામાં યોગી ચોક ખાતે આવેલી અને સવજીભાઈ પાઘડાર દ્વારા સંચાલિત હરેકૃષ્ણ વિદ્યાલયમાં વર્ષ 25-2026ની જેઈઈ-મેઈન સેશન1-2ની પરીક્ષામાં 39 વિદ્યાર્થીઓમાંથી 3 વિદ્યાર્થીઓએ 99+ PR પ્રાપ્ત કર્યા છે આ ઉપરાંત 10 વિદ્યાર્થીઓએ 95+ PR પ્રાપ્ત કર્યા છે તથા 22 વિદ્યાર્થીઓએ 90+ PR પ્રાપ્ત કર્યા છે. જે 3 વિદ્યાર્થીઓ છે તેમાં સ્નેહ પાનસુરિયા (99.56 પીઆર), મીત મંદાની (99.52 પીઆર) તેમજ દિવ્યેશ સિદ્ધપુરા (99.44 પીઆર)નો સમાવેશ થાય છે. આ પરિણામ એ બહુ ઓછી સંખ્યામાં તૈયારી કરતા વિદ્યાર્થીઓ દ્વારા મેળવવામાં આવ્યું છે.

બાહ્ય સંપત્તિના સૌંદર્ય કરતાં આંતર સંપત્તિનું સૌંદર્ય વધુ છે: પદ્મદર્શનસૂરિજી

મુંબઈઃ મુંબઈ બોરિવલી (પશ્ચિમ)ના શ્રી રોયલ કોમ્પલેક્ષ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થઈ હતી. આ પુનિત પ્રસંગે ધર્મસભાને સંબોધતા આચાર્ય પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે શ્રોતાઓ સમક્ષ જણાવ્યું હતું કે, સત્તા, સંપત્તિ, સાધનો અને શક્તિઓના ઢગલા વચ્ચે ભલભલાનું જીવન મુરઝાઈ રહ્યું છે. બાહ્ય સંપત્તિના સૌન્દર્ય કરતાં આંતર સંપત્તિનું સૌન્દર્ય વધુ છે. બાહ્ય સંપત્તિનાં કારણે જીવનમાં અનેક પ્રકારના દોષોનું પ્રાગટ્ય થાય છે. અત્યંત સુખી અને શ્રીમંતોના યુવાનો ખાવા, પીવા, મોજ-મજા અને જલશાબાજીમાં જ જીવન પુરું કરી નાંખતા હોય છે. ધર્મની સાથે તો જાણે કે એમના જીવનમાં એલર્જી જ હોય એવું લાગે છે. એમને બધું જ બ્રાન્ડેડ જોઈએ છે, નબળું તો આ લોકોને કાંઈ ચાલતું નથી.

NTPC કવાસ ખાતે ફાયર સર્વિસ સપ્તાહનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

સુરત : 14 એપ્રિલ, 2026 ના રોજ NTPC કવાસ ખાતે ફાયર સર્વિસ સપ્તાહનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે, મુખ્ય મહેમાન શ્રીકાંત કેહરકર, જનરલ મેનેજર અને પ્રોજેક્ટ હેડ (કવાસ) એ NTPC/KGPP ના અન્ય મહાનુભાવો સાથે શહીદ અગ્નિશામકોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. CISF યુનિટ તરફથી કે.પી.એસ. સૈની, ડેપ્યુટી કમાન્ડન્ટ, પ્રભુ પ્રસાદ, આસિસ્ટન્ટ કમાન્ડન્ટ (ફાયર) અને અન્ય કર્મચારીઓએ પણ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન, બધા મહાનુભાવો અને દર્શકોએ ફાયર સર્વિસમાં સેવા આપતી વખતે પોતાના જીવનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોની યાદમાં બે મિનિટનું મૌન પાળ્યું હતુ. ૧૪ એપ્રિલ, ૨૦૨૬ થી ૨૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી ફાયર સર્વિસ સપ્તાહ ઉજવવામાં આવશે, જેની થીમ સલામત શાળાઓ, સલામત હોસ્પિટલો અને અગ્નિ સલામતી પ્રત્યે સભાન સમાજ સાથે આગ નિવારણ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. મુખ્ય મહેમાને આગ નિવારણ અને અગ્નિ સલામતી વિશે જાગૃતિ લાવવા માટે ફાયર સેફ્ટી પુસ્તિકાનું પણ વિમોચન કર્યું હતુ. તેમણે સુરતના CISF યુનિટ KGPP કાવાસના ફાયર વિંગના સમર્પણ અને પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી.